# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી  તા. ૨૬-૦૯-૨૦૨૨

- **"ભારત જોડો યાત્રા" સહીત ગુજરાતમાં કોંગ્રેસપક્ષનું "કામ બોલે છે" તે વક્તા, પ્રવકતા, પેનાલીસ્ટઓ આક્રમકતાથી માધ્યમો સમક્ષ તથ્યો સાથે રજુ કરે.**
- **આદરણીય રાહુલ ગાંધીજીનાં ભારત જોડો યાત્રા સંદેશાનાં આપ સૌ વાહક છો.**
- **અમદાવાદ શહેરમાં નેશનલ ગેમ્સના પોસ્ટરોમાં પણ "ભારત જોડો" સ્લોગન દેખાય છે આજ 'ભારત જોડો યાત્રા'ની સફળતા છે.**
- **કોંગ્રેસ પક્ષ આક્રમતાથી જુઠ્ઠાણા સામે લડી રહી છે. સત્યથી વેગળી દરેક બાબતે કોંગ્રેસ પક્ષ લીગલ નોટિસ આપી રહી છે આ નવી કોંગ્રેસ છે.**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત "પ્રદેશ મીડિયા વર્કશોપ ૨૦૨૨"માં સમગ્ર ગુજરાતમાંથી આવેલા વકતા, પ્રવક્તા અને મીડિયા પેનાલીસ્ટઓને માર્ગદર્શન આપતા પૂર્વ કેન્દ્રીય મંત્રી એઆઇસીસીના મહામંત્રી, કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટના ઇન્ચાર્જશ્રી જયરામ રમેશએ જણાવ્યું હતું કે લોકો સુધી જનસંપર્ક સ્થાપવા આપ સૌ મહત્વની કડી છો. લોકો સાથે 24x7 સતત એક્ટીવ રહી જોડાયેલા રહેવું એ કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિનું કામ છે. આદરણીય રાહુલ ગાંધીજીનાં સંદેશાનાં આપ સૌ વાહક છો. કોંગ્રેસ પક્ષના બ્રાંડ એમ્બેસેડર છો ત્યારે આદરણીય રાહુલ ગાંધીજીની "ભારત જોડો" પદયાત્રાની વિગત, માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોચાડો. આ કોંગ્રેસ પક્ષનો એક માસ કોન્ટેક્ટ પ્રોગ્રામ છે. દરરોજ સવારે ૬ કલાકે પૂજ્ય ગાંધી બાપુની પ્રિય પ્રાર્થના 'વૈષ્ણવજન તો તેને કહીએ' 'રધુપતિ રાઘવ રાજા રામ' બાદ 'ભારત જોડો યાત્રા' પ્રસ્થાન કરે છે જેવી વિવિધ ભારત જોડો યાત્રા અંગેની માહિતી જનજનને મળી રહે તે માટે "ભારત જોડો યાત્રા"ને જુદા જુદા સોસીયલ મીડિયા પ્લેટફોમ પર લાઇવ કરો. "ભારત જોડો યાત્રા" સહીત ગુજરાતમાં કોંગ્રેસપક્ષનું "કામ બોલે છે" તે વક્તા, પ્રવકતા, પેનાલીસ્ટઓ આક્રમકતાથી માધ્યમો સમક્ષ તથ્યો સાથે રજુ કરે. કોંગ્રેસ પક્ષ આક્રમતાથી જુઠ્ઠાણા સામે લડી રહી છે. સત્યથી વેગળી દરેક બાબતે કોંગ્રેસ પક્ષ લીગલ નોટિસ આપી રહી છે આ નવી કોંગ્રેસ છે, આક્રમક કોંગ્રેસ છે અને જડબાતોડ જવાબ આપવામાં આવશે. ગુજરાતના આશીર્વાદ સિવાય ભારત જોડો યાત્રા શરૂ ન થાય એટલે જ આદરણીય શ્રી રાહુલ ગાંધીએ ૫મી સપ્ટેમ્બરે સાબરમતી આશ્રમ આવીને પૂજ્ય બાપુના આશીર્વાદ બાદ ઐતિહાસિક "ભારત જોડો યાત્રા" શરુ કરી હતી ભૂતકાળમાં કેટલીક યાત્રાના કારણે દેશમાં રમખાણો થયા છે પરતું "ભારત જોડો" યાત્રા શાંતિપૂર્ણ અને શાંતિ માટે છે. આઝાદીની લડાઇ વખતે જે લોકોએ "ભારત છોડો"નું સમર્થન નહોતું કર્યું તે વિચારધારા આજે પણ "ભારત જોડો"નો વિરોધ કરે છે. ભારત જોડો યાત્રાની ભાજપ પર તેની વિપરીત અસર જોવાની શરૂઆત થઇ ગઇ છે. ટી શર્ટ, કન્ટેનર, શૂઝ કેટલીય બાબતોને આલોચના, ભાગવતજી અલગ અલગ લોકોને મળવા લાગ્યા, ચિત્તા તમાશો સાથે ભાજપ

હેડલાઇન મેનેજમેન્ટ કરી રહી છે. ભારત જોડો યાત્રા બાદ ભાજપની સ્ટાઈલ બદલાઈ ગઈ છે ભાષા, ચાલમાં ફરક પડી ગયો છે. અમદાવાદ શહેરમાં નેશનલ ગેમ્સના પોસ્ટરોમાં પણ "ભારત જોડો" સ્લોગન દેખાય છે આજ 'ભારત જોડો યાત્રા'ની સફળતા છે. ભારત જોડો યાત્રાથી ભાજપ ચિંતિત છે, ગભરાયેલી છ

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત "પ્રદેશ મીડિયા વર્કશોપ"માં પેનાલીસ્ટઓ, પ્રવક્તાઓને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસ પક્ષ જન સમર્થન, જન આશીર્વાદથી ૧૨૫થી વધુ બેઠક સાથે જન જનની સરકાર બનાવશે. બેરોજગારી, મોંઘવારી, ભ્રષ્ટાચાર, ડ્રગ્સનો બેરોકટોક કારોબાર, છાસવારે પેપરલીકની ઘટનાઓ, મહિલાઓ પર વધી રહેલા અત્યાચાર, અણઘડ વહીવટ સહિતના મુદ્દાઓ લઈ આવનારી ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ભાજપને ઘેરવામાં આવશે. ત્યારે સોસીયલ મીડિયા સાથે ઇલેક્ટ્રોનિક-પ્રિન્ટ મીડિયાની ભુમિકા મહત્વની બની જાય છે. જીલ્લા-તાલુકા કે સ્થાનિક સ્તરે યોજાતી ટીવી ડીબેટ, ચર્ચામાં અવશ્ય ભાગ લેવો અને પ્રદેશમાંથી આપવામાં આવતી પ્રેસનોટ, ઇન્ફોર્મેશન સાથે રીસર્ચ વર્ક કરી સત્ય અને તથ્યો સાથે ભાજપને જડબાતોડ જવાબ આપવો. ભારત જોડો વિષે આર્ટીકલ લખો, ભાજપના ભ્રષ્ટાચાર, ગેરવહીવટ, નિષ્ફળતાઓ પર આર્ટીકલ લખી સોસીયલ મીડિયા સહીત સ્થાનિક પેપરમાં પ્રેસનોટ મોકલી ભાજપના નકલી ભ્રષ્ટાચારી મોડેલની પોલ પ્રજા સમક્ષ ખુલ્લી પાડો. સાથોસાથ કોંગ્રેસ પક્ષમાં આઠ વચનો- દ્વારકા સંકલ્પ પત્ર- મેનીફેસ્ટોના વચનોને પણ જનજન સુધી પહોચાડો.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત "પ્રદેશ મીડિયા વર્કશોપ"માં રાજ્યસભા સાંસદશ્રી અમીબેન યાજ્ઞિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતના મુખ્યપ્રવક્તા ડૉ.મનીષ દોશી, નેશનલ કોઓર્ડીનેટર શ્રી અભય દુબેજી, શ્રી રાધિકા ખેરાજી, શ્રી અતુલ પાટીલજી, શ્રી અજય ઉપાધ્યાયજી, રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી રોહન ગુપ્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, ડૉ.જીતુભાઈ પટેલ, વરિષ્ઠ નેતાશ્રી ખુરશીદ સૈયદ, પ્રદેશ મહામંત્રીશ્રી નઈમ મીરઝા, પ્રદેશ પ્રવકતાશ્રી નરેન્દ્ર રાવત, શ્રી મનહર પટેલ, મીડિયા કોઓર્ડીનેટર શ્રી હેમાંગ  રાવલ, પ્રદેશ મીડિયા પેનાલીસ્ટ શ્રી હિરેન બેન્કર, સોસીયલ મીડિયા કોઓર્ડીનેટર પ્રણવ દવેજી, સોસીયલ મીડિયા ચેરમેન શ્રી કેયુર શાહ, શહેર – જીલ્લા - વિભાગીય – પ્રદેશના પ્રવક્તાઓ અને મીડીયા પેનાલ્સીટો 200 થી વધુ ઉપસ્થીત રહ્યાં હતાં. મીડીયા વર્કશોપમાં વિવિધ પ્રેઝન્ટેશનથી ઉપસ્થિત ડેલીગેટોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા